September 2021

PRABHAT EDUCATION FOUNDATION

Issue No. 22

# Roshni

**Reaching Out to Serve Humanity with New Initiatives**

## અમારા વિશે

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિતવર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે. સંસ્થા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો અને પુખ્તવયના લોકોના માનસિક અને શારીરિક પડકારોમાં મદદ કરે છે. સંસ્થા ૩ પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે:- પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકેસી દ્વારા નેટવર્કિંગ. પ્રભાતે એક બાળક સાથે પહેલા કામ શરુ કર્યું હતું, અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યકિતઓ તેમજ તેમના પરિવારો, પાડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.

અનુભવ...

આજે હું મારી સાથે થયેલો એક બાળકનો રમૂજી અનુભવ લઈને આવી છું. હું લક્ષ્મી વિશ્વકર્મા, પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનના દાણીલીમડા સેન્ટરમાં સ્પેશિયલ એજ્યુકેટર તરીકે ફરજ બજાવી રહી છું. એક દિવસ હું સેન્ટરમાં કામ કરી રહી હતી ને ત્યાં માતા-પિતા પોતાના 6 વર્ષના ચિંતનને લઈને તેનું એડ્મીસન કરાવવા માટે આવ્યા. ચિંતન મેન્ટલ રિટાયર્ડસન અને ડાઉન સિન્ડ્રોમ દિવ્યાંગતા ધરાવે છે. ચિંતનને પહેલીવાર જોતા મને ખ્યાલ આવી ગયો હતો કે તે ખૂબ હાઈપર એક્ટિવ બાળક છે, અને તેને સ્પીચ પ્રોબ્લેમ હોવાથી સ્પષ્ટ બોલી શકતો નથી. ત્યારબાદ તેનું એસેસમેન્ટ કરવામાં આવ્યું. અઠવાડિયા સુધી તેના ઓબ્ઝર્વેશન પછી એને એડ્મીસન અપાયું. પહેલા તો તે પોતાની કાલ્પનિક દુનિયામાં રહેતો, ટીચર ક્લાસમાં શુ કરાવે છે તેમાં તેનું ધ્યાન રહેતું નહીં. પછી બધા ટીચરે ધીમે-ધીમે તેની સાથે ગ્રુપ એક્ટીવીટી કરાવવાની શરૂઆત કરી. તેની સાથે રમત તથા ડાન્સની એક્ટીવીટી પણ કરાવવામાં આવી. ચિંતન સ્વભાવે શાંત, સરળ અને શરમાળ હોવાથી શરૂઆતમાં તેના કોઈ ખાસ મિત્રો ન હતાં, પરંતુ સમય જતા તે પોતાના ક્લાસના બાળકો સાથે ઈન્વોલ થવા લાગ્યો. વર્તમાન સમયમાં ચિંતન ક્લાસમાં બેસીને બીજા બાળકો સાથે સીધી લીટી, આડી લીટી, ગોળ, ચોરસ જેવા આકારો દોરવા, ચિત્રમાં રંગ પુરવા, ચિત્રમાં આકારો ચોટાડવા જેવી એક્ટીવીટી કરતો થયો છે. ચિંતન સીધી લાઈનમાં ચાલતા શીખી ગયો છે. ચિંતનને રંગ પૂરવા, મ્યુઝિક સાંભળવું, ગળામાં માળા પહેરવી, ટીવી જોવાનું ખૂબ પસંદ છે. મને ચિંતનના શોખ પરથી કંઈક યાદ આવ્યું. સેન્ટરમાં પેનડરાઈવ એક દોરી સાથે પરોવીને દીવાલ પર હુકમાં લગાવી દેવામાં આવે, જેનાથી બધાને સહેલાઈથી મળી રહે. એક દિવસ આ પેનડરાઈવ કોઈને મળી નહીં તો બધા તેને શોધવામાં લાગ્યા હતાં. તે સમયે ચિંતનને તે મળતા તેને માળા સમજીને તેને પોતાના ગળામાં પહેરી લીધી અને ટીશર્ટ નીચી કરી લીધી. બધાએ પ્રયત્નો ખૂબ કર્યા પરંતુ ન મળતા બધા પોતાના કામે લાગી ગયા. આખો દિવસ જતો રહ્યો અને સાંજે જયારે ચિંતન ટોયલેટ જઈને આવ્યો ત્યારે તેની ટીશર્ટની બહાર પેનડરાઈવ લટકતી મને દેખાઈ. તે જોઈ મને ખૂબ હસવું આવ્યું અને તે મેં બીજા ટીચર્સને પણ દેખાડ્યુ પછી બધા શિક્ષકો હસવા લાગ્યા. ત્યારબાદ તેના ગળામાંથી તે પેનડરાઈવ કઢાવી અને તેને સમજવ્યું કે ક્યારેય વસ્તુ કોઈને પણ પૂછ્યા વગર લેવી ન જોઈએ. ચિંતને તરત તેની ભાષામાં સોરી કીધું અને પોતાની ભૂલ માની લીધી. આ પ્રસંગ જેટલીવાર યાદ આવે તરત મને ચિંતનને યાદ કરીને હસવું આવી જાય. આ પરથી મને અહેસાસ થાય કે ભગવાને બાળકોને કેવા નિર્દોષ બનાવ્યા છે.

ચિંતનને સંસ્થા દ્વારા એ.સ.ટી. પાસ, M.R. કીટ, કોરોના સમયમાં અનાજની કીટ આપવામાં આવી છે. ચિંતનમાં થયેલો વિકાસ જોઈને તેના પરિવારજનો, પ્રભાત સંસ્થા અને હું ખૂબ ખુશ છીએ! આ હતો એક રમૂજી પ્રસંગ મારો ચિંતન સાથેનો.

By: -Laxmi Vishwakarma (Special Educator)





"વિક્રમ હંમેશાથી એક રમતિયાળ બાળક રહ્યો છે. તેનો જન્મ થયો ત્યારથી તે હંમેશા વસ્તુઓને પકડવા, લોકોના વાળ સાથે રમવા અને ઝડપથી ક્રોલિંગ કરવા માટે તૈયાર હતો. જેમ-જેમ હું માતૃત્વના પ્રારંભિક દિવસોનો આનંદ માણી રહી હતી તેના છઠ્ઠા મહિનામાં બધું બદલાઈ ગયું. તેને વાઇનો અટેક આવ્યો અને શરીરની તંત્રિકાની કામગીરીમાં ઈજા પહોંચી. તેના કારણે તેને જમવા, ચાલવા, બેસવા જેવા મૂળભુત કાર્યમાં પણ ખૂબ મુશ્કેલી પડતી હતી. મારું બાળક(વિક્રમ) હવે તેના હાથથી કોઈપણ વસ્તુને યોગ્ય રીતે પકડી શકતું નથી અને પ્રયત્ન પણ કરતુ નથી. તેને દિશાની સમજ ગુમાવી દીધી હોવાથી હવે તેના માટે ક્રોલિંગ પણ મુશ્કેલ બન્યું છે.

આવી પરિસ્થિતિએ મને હતાશ કરી દીધી. પછી તો મારા સાસુ-સસરા આખો દિવસ મને ત્રાસ આપતા અને કહેતા કે તે આવા બાળકને જન્મ આપ્યો. આખી રાત હું રડતી રહેતી અને ભગવાનને પ્રાર્થના કરતી કે મારા બાળકની બીમારી દૂર કરે. તેઓ વિક્રમને ક્યારેય પકડતા નહીં, રમાડતા પણ નહીં, ના તો તેને ખવડાવતા. તેને પાગલ કહેતા.

ટૂંક સમયમાં અમે તેની સારવાર શરૂ કરી. સારવાર ખૂબ ખર્ચાળ હતી અને હજારો રૂપિયાની જરૂર હતી, પરંતુ તેટલા રૂપિયા મારી પાસે નહતા. જેના કારણે મારી પાસે સાસુ-સસરા સિવાય બીજો કોઈ વિકલ્પ નહતો. તે કારણે મારા ગૌરવને બાજુમાં મૂકીને તેમની પાસે પૈસા માંગ્યા એમ વિચારીને કે હું તેમનામાં દાદા-દાદીને પોતાના પૌત્રની અપીલ કરી રહી છું. પરંતુ હું ખોટી હતી. તેઓએ એકવાર પણ પોતાના પૌત્રની સામે આંખ ઉંચી કરીને જોયું નહતું. પછી મેં નક્કી કર્યું કે, હવે હું ફરી ક્યારેય તેમને કઈપણ વસ્તુ માટે નહીં પૂછું.

કોઈક રીતે હું નજીકના મિત્રો પાસેથી પૈસા ઉધાર લઈ શકી અને વિક્રમની સારવાર શરૂ કરી. અમે દસ દિવસ સુધી હોસ્પિટલમાં હતા. સારવાર અમારા બંને માટે ઘણી લાંબી હતી. મારું 7 મહિનાનું બાળક કે જે હાલરડાં સાંભળીને સૂઈ રહેવું જોઈએ તેની જગ્યાએ હોસ્પિટલમાં તેના શરીરમાં સોઈ ઘુસાડવામાં આવતી. મારા પતિ વિક્રમની સારવાર માટે શક્ય તેટલું વધારે કામ કરી પૈસા કમાવી રહ્યા હતા. મારા આશ્ચર્યની વાત એ છે કે, મારા સાસુએ પહેલા દિવસે મારા માટે જમવાનું મોકલ્યું, પરંતુ બીજા દિવસે મને કહેવામાં આવ્યું કે અન્ય વ્યક્તિ માટે જમવાનું બનાવવાનો બોજો સહન નહીં થઇ શકે. પરંતુ વાસ્તવિકતામાં, હું અને મારો પુત્ર જ તેમના માટે બોજ બની ગયા હતા.

તે ક્ષણથી, મેં ક્યારેય કોઈના પર પણ નિર્ભર ન રહેવાનું નક્કી કર્યું. ક્યારેય પૂછવું કે ભીખ માંગવી કે વિનંતી કરવી નહીં. હવે હું મારા બાળકને તેઓ અપનાવે તેવા સપના નહીં જોવું. ત્યારબાદ તે દુઃખદાયક 10 દિવસો પછી અમે એક અલગ ઘરમાં રહેવા ગયા. આ બધી પરિસ્થિતીઓ પછી ડોક્ટરે દવાની સલાહ આપી અને તેને બીજા બાળકોની આસપાસ સમય પસાર કરવા કહ્યું.

દરરોજ, હું તેને અમારી સ્થાનિક આંગણવાડીમાં લઈ જતી, કે જ્યાં તેની ઉંમરના બાળકો રમવા આવતા. મને શરૂઆતમાં ખચકાટ થયો. મારા સાસુ-સસરાના બેહીવિયરે લોકો પ્રત્યેના મારા દ્રષ્ટિકોણને ખરાબ કરી દીધો હતો. હું આંગણવાડીમાં અંદર ગઈ, અન્ય બાળકો અને તેમના માતા-પિતાના બિહેવિયરથી હું ડરતી હતી. આંગણવાડીમાં અમારો પહેલો દિવસ, અમે ત્યાં બોલ રમવાનું શરુ કર્યું અને વિક્રમે ભૂલથી તે બોલ બીજા બાળકને ફટકાર્યો. તક લઈને, તે છોકરો બોલ કેચ કરવાની રમત રમવા ઉત્સુક થઇ ગયો. તે પછી તે બોલ તેણે વિક્રમ તરફ પાછો ફેંક્યો, વિક્રમે તેણે પકડવા સંઘર્ષ કર્યો, પરંતુ તેને વસ્તુ પકડવામાં સમસ્યા હતી. આ મુશ્કેલી જોઈને, બીજો છોકરો તેની પાસે આવ્યો અને કહ્યું, "ઠીક છે, આપણે ફૂટબોલ રમી શકીએ છીએ!" ત્યારે વિક્રમ નોર્મલ હતો. અને આ ઘટનાએ મને માનવજાતિ વિશે કંઈક અગત્યનું ભાન કરાવ્યું. આપણે બધા આ બાળક જેવી નિર્દોષતા સાથે જન્મ્યા છીએ, પરંતુ આપણો સમાજ જ આપણને અલગ શીખવાડતો હોય છે. આપણો સમાજ આપણને નબળા માણસોની હસી ઉડાવવી, લઘુમતીઓ સાથે ભેદભાવ કરવા અને જુદા જુદા લોકોને કલંકિત કરવાનું શીખવે છે. તે બાળકે મને સમજાવ્યું કે વિશિષ્ટ જરૂરિયાતો ધરાવતા બાળકને અલગ શાળા, શિક્ષણ અને આજીવિકાની જરૂર નથી, પરંતુ તેને વર્તમાન વ્યવસ્થામાં વધારાના ટેકા અને થોડા બદલાવની જરૂર છે. થોડા જ સમયમાં અમારો પ્રભાત સંસ્થા સાથે પરિચય થયો. અમારો પહેલો દિવસ, ત્યાં મારા અને વિક્રમ બંને માટે તેમના દ્વારા મળેલા સાથ-સહકારથી હું ગદગદિત થઇ ગઈ. તે સંસ્થા મારા બાળકનો વિકાસ કરવા અને તેની સ્થિતિ માટે યોગ્ય પ્રકારની થેરાપી કરાવવાનું એક મંચ છે. એણે મને પણ કંઈક આપ્યું, કે જે છે મારી મુશ્કેલીઓ કહેવા, મારા પ્રશ્નો પૂછવા અને વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકને ઉછેરવા અંગેની મારી ચિંતાઓ સામે લડવા માટેની એક સુરક્ષિત જગ્યા.

વિક્રમને પ્રભાત સંસ્થા સાથે 3 વર્ષ થઇ ગયા છે અને મને વિક્રમની પ્રભાતમાં આવ્યા પહેલાની તથા પછીની બંને તસવીરો યાદ છે. મારો વિક્રમ હવે ઘણું બધું પોતાની રીતે કરતો થઇ ગયો છે, ઘરને સાફ કરવામાં પણ મદદ કરતો થઇ ગયો છે. હવે તે પોતાની દૈનિક ક્રિયાઓ જાતે કરે છે. પ્રભાતે મારા બાળકને સ્વતંત્ર બનાવ્યું છે.

આજથી થોડા સમય પહેલા શિક્ષક દિવસે વિક્રમ ફિઝીયોથેરાપી શિક્ષક બન્યો હતો. તેણે સફેદ લેબ કોટ પહેર્યો હતો અને બાળકોની મોટરસ્કીલને લગતી મુશ્કેલીઓ તપાસી તેમને દૈનિક કસરતોની માહિતી આપતો હતો. મારા નાના વિક્રમને અન્ય બાળકોની મદદ કરતા જોઈને, મારું હૃદય આનંદથી ભરાઈ ગયું. મને કહેતા ગર્વ થાય છે કે હું એક વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકની માતા છું."






**- વિક્રમની મમ્મી પુષ્પા**

મંથલી અપડેટ

**ટ્રેનિંગ:-** (N.R.I.P) એન.આર ઈન્સ્ટિટ્યુટ ઓફ ફિઝીયોથેરાપી અને પ્રભાત સંસ્થા એકબીજા સાથે લગભગ 3 વર્ષથી જોડાયેલા છે. ઈન્સ્ટિટ્યૂટની ફેકલ્ટીને સંસ્થાની ફિલ્ડ વિઝીટ દ્વારા જ  ખ્યાલ આવ્યો કે પ્રભાત સંસ્થા જે દિવ્યાંગતાની શ્રેણીમાં કામ કરે છે તે અંગેનું જ્ઞાન ઈન્સ્ટિટ્યૂટના વિધાર્થીઓ માટે કેટલું ફાયદાકારક હોઈ શકે છે અને વિશિષ્ટ જરૂરિયાતો ધરાવતા બાળકો/વ્યક્તિઓની સાથે કામ કરવાના તેમના પ્રેક્ટિકલ નોલેજમાં પણ વધારો થઇ શકે છે. ત્યારથી પ્રભાત નિયમિતપણે N.R.I.Pના લગભગ 20-25 વિદ્યાર્થીઓને તાલીમ આપી રહ્યું છે. આ મહિને 22 વિદ્યાર્થીઓએ પ્રભાત સંસ્થાના નિષ્ણાતો હેઠળ વિવિધ 'ડહેલું'માં તાલીમ લીધી. આ સંગઠન પરસ્પર એકબીજા માટે લાભદાયી રહ્યું છે કારણકે પ્રભાત સંસ્થા શીખવા આવેલા વિદ્યાર્થીઓ પાસેથી પણ ઘણું બધું મેળવી રહી છે. વિધાર્થીઓને અલગ-અલગ દિવ્યાંગતા અને ઉંમરના બાળકોને ફિઝિયોથેરાપી આપવામાં અને તેમાંથી અનુભવ મેળવવામાં લગભગ એક મહિનાનો સમય લાગ્યો હતો.

**હેલ્થ વર્કશોપ:-** 'ઓવુમનિયા' દ્વારા આપવામાં આવેલ સપોર્ટ સાથે પ્રભાતે માસિક સ્વચ્છતા પર ધ્યાન કેન્દ્રિત કરીને આરોગ્ય જાગૃતિ ફેલાવવાનું ચાલુ રાખ્યું છે. આ મહિને ઘણી સ્કૂલોમાં સંસ્થા દ્વારા મેન્સ્ટ્રુએશન(માસિક) અવેરનેસ વર્કશોપ યોજવામાં આવી હતી(જે ધોરણ 6 થી 12 માટેની હોય.) આવા અવેરનેસ વર્કશોપ માટે સ્કૂલો પણ હંમેશા સંસ્થા સાથે ઉભી રહી છે અને વર્કશોપ કરવા માટે જગ્યાની વ્યવસ્થા પણ કરી આપે છે. આવા વર્કશોપ હંમેશા ઈન્ટરેક્ટીવ રાખવામાં આવે છે કે જેનાથી તેમાં ભાગ લેનાર  મહિલા પોતાની મૂંઝવણ તથા પ્રશ્નો પૂછી શકે. વિદ્યાર્થીનીઓને બાયોડિગ્રેડેબલ સેનેટરી પેડ પણ આપવામાં આવ્યા હતા. આ વર્કશોપ માટે પસંદ કરેલી સ્કૂલો પ્રભાત સંસ્થા કામ કરે છે તે વિસ્તારમાં અને તેની આજુબાજુના વિસ્તારમાં સ્થિત છે. આ વર્કશોપનું સંચાલન સંસ્થાને ઘણી મેઈનસ્ટ્રીમ સ્કૂલો સાથે નેટવર્ક બનાવવામાં મદદ કરી રહ્યું છે. જ્યાં નજીકના ભવિષ્યમાં વિશિષ્ટ જરૂરિયાતો ધરાવતા બાળકોના એડમીશન માટે માર્ગ મોકળો કરવામાં મદદ કરશે.

**સર્વેની કામગીરી:-** જો કે શાહવાડી એક વિસ્તાર છે જેમાં સંસ્થાએ ભૂતકાળમાં સેવા આપી હતી, પરંતુ મુખ્યત્વે ત્યાં સ્થળાંતર કરનારા સમુદાય હોવાને કારણે ત્યાં નવા નિવાસીઓ ઘણીવાર આવે છે, જેના કારણે વિશિષ્ટ જરૂરિયાતો ધરાવતા નવા બાળકોને ઓળખવા માટે સંસ્થાએ ડોર ટૂ ડોર સર્વે હાથ ધર્યો છે. આ સર્વેમાં સમુદાયની જીવનશૈલી, ભાષા, સંસ્કૃતિ અને પ્રાથમિકતા વગેરેનો સમાવેશ કરવામાં આવે છે. જે સંસ્થાને ભવિષ્યમાં સમુદાય જોડાણ પ્રવૃત્તિઓને ડિઝાઇન કરવામાં મદદ કરતી હોય છે.

**મેઈનસ્ટ્રીમ બાળકોનું એજ્યુકેશન:-** સંસ્થાના મેઈનસ્ટ્રીમ બાળકો હવે નિયમિત રીતે 'ડહેલું'માંઆવતાથયાછે.તેઓ વિવિધ એક્ટિવિટીઓમાં જોડાય છે, તેમના અભ્યાસક્રમને લગતી મૂંઝવણોને પણ સ્પષ્ટ કરે છે. 'ડહેલું'માં એક્ટીવીટીઓ ઉપરાંત ઓનલાઈન શિક્ષણ પણ આપવાનું ચાલુ છે. મેઈનસ્ટ્રીમ બાળકોને તેમની ઉંમર અને ગ્રેડના આધારે અઠવાડિયામાં નક્કી કરેલા દિવસે ઓનલાઈન હોમ-એજ્યુકેશન પૂરું પાડવામાં આવે છે, એ આપવામાં આવેલ એજ્યુકેશન વોટ્સએપ દ્વારા સંસ્થાની સ્કૂલ પ્રોગ્રામ ટીમને પાછું મોકલવામાં આવે છે, જે આપેલ એજ્યુકેશનનું મૂલ્યાંકન કરે છે અને ફીડબેક આપે છે. બાળકના સર્વાંગી વિકાસ અંગે વાલીઓને વાકેફ કરવા માટે ટીમે મેઈનસ્ટ્રીમ બાળકોના પેરેન્ટ્સ માટે ટીચર-પેરેન્ટ્સની મીટીંગનું પણ આયોજન કરવાનું શરુ કર્યું છે. તેની સાથોસાથ મેઈનસ્ટ્રીમ બાળકો અને પેરેન્ટ્સ સાથે ઓનલાઈન લર્નિંગને લગતા વિષયો પર રિવારસાઇડ સ્કૂલના બાળકો અને શિક્ષકો સાથે ઓનલાઇન મીટીંગ કરવામાં આવી હતી.

**સહાય અને સહાયક સેવાઓ:-** આ મહિને પ્રભાતે 'ઈ-શ્રમ' કાર્ડ માટે 12 વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા વ્યક્તિઓના ફોર્મ ભર્યા છે. આ યોજના અંતર્ગત દિવ્યાંગ વ્યક્તિની ઉંમર 18 થી 59 વર્ષ હોય અને તેઓ કોઈ પ્રાઈવેટ સેક્ટર કે જ્યાં એમના કોઈ P.F એકાઉન્ટ ન હોય એવા લોકો માટે લાભદાયી છે. આ યોજનામાં જે લોકોના આ કાર્ડ બનાવવામાં આવે છે તેઓને 5 લાખ સુધીનું વીમા કવચ સરકાર તરફથી આપવામાં છે. ફિલ્ડ ટીમે સિવિલ હોસ્પિટલમાંથી 12 લોકોને તેમના મેડિકલ સર્ટિફિકેટ મેળવવા માટે,આધાર કાર્ડ માટે 11 લોકોની નોંધણી, પેન્શન યોજના માટે 30 લોકો અને એસ.ટી. પાસ સાથે 12 લોકોને મદદ કરી છે.

**N.I.D. સ્ટુડન્ટની વિઝીટ:-** N.I.D. અને પ્રભાત સંસ્થા ઘણા સમયથી એકબીજા સાથે જોડાયેલા છે. આ મહિને પ્રોડક્ટ ડિઝાઈનના સ્ટુડન્ટ્સે પ્રભાત સંસ્થાની વિઝીટ કરી હતી. સંસ્થા દ્વારા તેમને દિવ્યાંગતા અને સંસ્થાની કામગીરી અંગેની જાણકારી આપવામાં આવી હતી. આવેલા સ્ટુડન્ટ્સના 4 ગ્રૂપમાંથી 1 ગ્રુપ સંસ્થાના બાળકોને ઉપયોગી એવી ડિઝાઈન બનાવશે તેવું નક્કી થયેલ છે.

**જન્મદિવસની શુભેચ્છા**

"બાર બાર દિન યે આયે, તુમ જીઓ
હજારો સાલ, સાલ કે દિન હો હજાર
હેપ્પી બર્થ ડે ટૂ યુ,
હેપ્પી બર્થ ડે ટૂ યુ."
પ્રભાત ટીમની જન્મદિન નિમિત્તે ખૂબ-ખૂબ શુભેચ્છા!



09th Oct., ભાવનીશાબેન



30th Oct., સેજલબેન




વિધાર્થિનીઓને સેનેટરી-પેડ વિતરણ



N.R.I.P સ્ટુડન્ટ્સ ટ્રેનિંગ



N.I.D સ્ટુડન્ટ્સની સંસ્થામાં વિઝીટ



મેઇનસ્ટ્રીમ બાળકોની પેરેન્ટ્સ-ટીચર મીટીંગ



અર્જુન હાન્ડાના જન્મદિવસ નિમિત્તે ઉજવણી



T.L.M. બનાવવા વર્કશોપ

**Address:** A-4, Sujal Apartment,
Opp. Satellite Bungalows,
Ramdevnagar,
Ahmedabad-380015.

PRABHAT EDUCATION FOUNDATION

**Phone:** +91 - 79 - 4890-3054;
**Mobile:** +91 9825009427
**Email:** prabhat@prabhateducationfoundation.org
**Website:** www.prabhateducationfoundation.org